# અરવલ્લી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની રચના : ચેરમેન બિપીનભાઈ શાહ

## પ્રમુખ અતુલ પટેલની વરણી, સ્વનિર્ભર શાળાઓને થતા અન્યાય સામે લડતનો સંકલ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની રચના કરવામાં આવી છે. ચેરમેન તરીકે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહના અધ્યક્ષ સ્થાને તેમજ સાબરકાંઠા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ હિતેષભાઈ પટેલ, પ્રવકતા



બિપીનભાઈ શાહ અને પ્રમુખ તરીકે તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડના સંચાલક અતુલભાઈ બી. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની બેઠક વસંતભાઈ ધોળુની ઉપસ્થિતિમાં યોજાઈ.

કોરોના શરૂ થયો ત્યારથી સ્વનિર્ભર શાળા સંચાલકો ફી મુદ્દે મુશ્કેલીમાં મૂકાયા છે. સરકાર અને શિક્ષણ વિભાગની અપીલને ગ્રાહ્ય રાખી ૨૫ ટકા ફી કાપ સ્વીકારી હતી અને ત્યાર પછી સરકાર અને શિક્ષણ વિભાગે સ્વનિર્ભર શાળા સંચાલકોની કફોડી સ્થિતિ છતાં કેટલાક અણગમતા નિર્ણય લેતાં રાજ્યભરના સ્વનિર્ભર શાળા સંચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓ ફી ન ભરે તો પણ એલ.સી. આપી દેવાના આદેશ સામે પણ હજારો શાળા સંચાલકોમાં રોષ પ્રવર્તિ રહ્યો છે. ભલે શાળાઓ બંધ હોય પરંતુ ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ હતું અને સ્વનિર્ભર શાળા સંચાલકોએ શિક્ષકો અને કર્મચારીઓના દર મહિને લાખોના પગાર ચૂકવ્યા છે અને હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે છતાં પણ વાલીઓ કેટલાક કિસ્સાઓમાં ઈરાદાપૂર્વક ફી ભરતા નથી અને એલ.સી.નો આગ્રહ રાખતા હોય છે. શિક્ષણ વિભાગ સ્વનિર્ભર શાળા સંચાલકોના યોગ્ય પ્રશ્ન બાબતે હકારાત્મક નહીં થાય તો આવનારા દિવસોમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ ખૂલીને મોરચો માંડી શકે છે. મોડાસાના ચંદ્રીકાબેન શાહ હોલમાં યોજાયેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની બેઠકમાં સરકાર અનો અધિકારીઓના કેટલાક નિર્ણયો સામે ખૂલીને વિરોધ જોવા મળ્યો.







**અરવલ્લી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ**

- ચેરમેન : બિપીનભાઈ શાહ(મોડાસા)
- પ્રમુખ : અતુલભાઈ બી. પટેલ(તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડ)
- મહામંત્રી : મનિષભાઈ સી. પટેલ(ન્યુ નોબલ સ્કુલ-ટીંટોઈ)
- પ્રથમ ઉપપ્રમુખ : રણછોડભાઈ પી. પટેલ(સરસ્વતી વિદ્યાલય-મોડાસા
- બીજા ઉપપ્રમુખ : કનુભાઈ ડી. તરાર(શ્રી હરિઓમ વિદ્યાલય-મેઘરજ)
- તૃતિય ઉપપ્રમુખ : અનિરૂદ્ધસિંહ વિરપુરા(સનરાઈઝ ઈન્ટરનેશનલ સ્કુલ-માલપુર)
- ચોથા ઉપપ્રમુખ : મનિષભાઈ રાવ(ધનવંતરી વિદ્યાલય-ભિલોડા)
- કોષાધ્યક્ષ : ચંદ્રકાન્તભાઈ સી. પટેલ(પંચશીલ વિદ્યાલય-માધવકંપા)

# નવું શૈક્ષણિક સત્ર : સાબરકાંઠા, અરવલ્લીના સ્ટેશનરી બજારમાં ઘરાકી દેખાઈ...

## પાઠ્યપુસ્તક, નોટબુક, દફતર, પાટીપેન ખરીદવા ભીડ, ધો.૧૦ બોર્ડ પરિણામની અસર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

રાજ્યની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયાના ૨૪ દિવસ પછી પ્રથમ વખત સાબરકાંઠા, અરવલ્લીના સ્ટેશનરી બજારમાં ઘરાકી દેખાઈ. છેલ્લા ૧૫ મહિનાથી ધંધા વગર નવરા બેસી રહેતા દુકાનદારો ઘરાકીથી હરખાયા છે. પાઠ્યપુસ્તક, નોટબુક, દફતર, પાટીપેન ખરીદવા ભીડ જોવા મળી. તાજેતરમાં જ ધો.૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું અને ખુબ ઓછા સમયમાં શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થશે તેવી અપેક્ષાથી સ્ટેશનરી બજારમાં ભીડ જોવા મળી છે.





દરેક પરિવાર શિક્ષણ સાથે સંકળાયેલો છે. જેથી શિક્ષણમાં કંઈ બદલાવ આવે એટલે સીધી જ તેની અસરો તમામ પ્રજા ઉપર જોવા મળે. કોરોનાના કારણે શૈક્ષણિક સંકુલો બંધ કરવાં પડ્યાં ત્યારબાદ ઓનલાઈન શિક્ષણથી અભ્યાસક્રમ શરૂ થયા. સમગ્ર વર્ષ દરમ્યાન શાળાઓમાં શિક્ષણ કાર્ય શક્ય ન બન્યું અને છેવટે ધો.૧ થી ૧૨ માં તમામને માસ પ્રમોશન અપાયું. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો દાયકાઓથી શિક્ષણનું હબ ગણાય છે. જેથી શિક્ષણ ઉપરની સારી અને ખરાબ બંન્ને અસરો ઝડપથી જોવા મળે છે. પાછલા એક સપ્તાહમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ કાબુમાં હોવાનું ચિત્ર સામે આવ્યું છે. આવનારા દિવસોમાં ધો.૯ થી ૧૨ના વર્ગો શરૂ થવાની સંભાવના છે તેવું માની વાલીઓ અને વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક, નોટબુક, દફતર ખરીદવા માટે ઉત્સાહીત બનતાં જિલ્લાના તમામ સ્ટેશનરી બજારમાં ઘરાકી જામી છે. છેલ્લા ૧૫ મહિના દરમ્યાન શિક્ષણ કાર્ય ઠપ્પ થતાં સ્ટેશનરી બજારને માત્ર બે જિલ્લામાં જ રૂા.૧૫૦ કરોડથી વધુનો ઘાટો પડ્યો હતો. પરંતુ કહેવત છે કે દરેકના બધા દિવસો ખરાબ હોતા નથી.

# મેઢાસણ ચોકડી પાસે નમી પડેલા સૂકા વૃક્ષનું ઝળુંબતું જોખમ

## વરસાદ, વાવાઝોડા સમયે રાહદારી, વાહન ચાલકનો ભોગ લેવાય તેવી સ્થિતિ

સરડોઈ, તા.૦૨

મોડાસા તાલુકાના મેઢાસણ હાઈવે ચોકડીથી ગામ તરફ જવાના રસ્તે સૂકાઈ નમી પડેલું વૃક્ષ રાહદારીઓ અને વાહન ચાલકો માટે જોખમી બન્યું છે. વરસાદ અને વાવાઝોડા સમયે પડું પડું થતું વૃક્ષ ધરાશાયી થાય તો રોડ ઉપરથી પસાર થવામાં હાદસો સર્જાવવાની દહેશત વ્યક્ત થઈ છે. પડવાના વાંકે સુકું વૃક્ષ ભયજનક હોવા છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરતું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ચોમાસા પૂર્વે વાહન વ્યવહારથી ધમધમતા માર્ગો ઉપરથી જોખમી વૃક્ષો દૂર કરવાના આદેશો માત્ર કાગળ ઉપર અમલી બન્યા છે. ચોમાસાની સીઝનમાં વાવાઝોડું ફૂંકાય એટલે સૌથી પહેલાં મૂળીયાંથી કમજોર બની ગયેલા વૃક્ષો કડડભૂસ થઈ માર્ગમાં અવરોધ ઉભો કરતાં હોય છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વૃક્ષ ધરાશાયી થવાથી કોઈ જાનહાનીનો કિસ્સો ન બને તેની તકેદારી રાખવામાં આવતી હોવાની વાતો થાય છે પરંતુ મોડાસા તાલુકાના મેઢાસણ ચોકડીથી ગામ



તરફ જવાના રસ્તાની જમણી બાજુએ છેલ્લા કેટલાય સમયથી સૂકાઈ ગયેલું વૃક્ષ પડવાના વાંકે ઉભું છે. રોડની સાઈડમાં વૃક્ષ નમી ગયું હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા આજદિન સુધી હટાવવામાં આવ્યું નથી જેના કારણે વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ સમયે પડુ પડું થતું વૃક્ષ જમીન દોસ્ત થાય તો અહીંથી પસાર થતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોના માથે જોખમ ઉભુ થઈ શકે છે.

# મોડાસા-ભાવનગર એસ.ટી. બસ મેઘરજથી દોડાવવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

મોડાસા એસ.ટી. ડેપો દ્વારા મોડાસા-ભાવનગર એસ.ટી. બસ સવારે ૭-૩૦ના સમયે નિર્ધારીત રૂટ ઉપર દોડાવવામાં આવે છે. આ એસ.ટી. બસને મેઘરજ સુધી લંબાવવામાં આવે તો તાલુકાના અસંખ્ય મુસાફરોની સૌરાષ્ટ્રની મુસાફરી વધુ સુલભ બની શકે તેમ હોવાથી કાયમી રૂટ ઉપર દોડતી મોડાસા-ભાવનગર એસ.ટી. બસને મેઘરજથી ઉપાડવા માટે માંગ થઈ છે.


**એસ.ટી. રૂટ લંબાવાય તો મેઘરજ તાલુકાના મુસાફરોને લાભ**

એસ.ટી. વિભાગ દ્વારા લાંબા રૂટની એસ.ટી. બસો શરૂ કરવામાં આવતાં મુસાફરોને ખાસ્સી રાહત થઈ છેદ્ગ. ખાસ કરીને સૌરાષ્ટ્રને જોડતી એસ.ટી. બસ સેવાઓના કારણે એસ.ટી.ની આવકમાં મહત્તમ ફાયદો થઈ રહ્યો છે. મોડાસા એસ.ટી. ડેપો દ્વારા સૌરાષ્ટ્ર રૂટ ઉપર વધુ ધ્યાન આપી મોડાસા-ભાવનગર એસ.ટી. બસ શરૂ કરવામાં આવી છે જેનો અસંખ્ય મુસાફરો લાભ લઈ રહ્યા છે પરંતુ મોડાસા એસ.ટી. ડેપોથી સવારે ઉપડતી આ એસ.ટી. બસને મોડાસા ડેપોના બદલે મેઘરજથી શરૂ કરવામાં આવે તો એસ.ટી.ની આવકમાં હજુ વધુ ફાયદો થઈ શકે છે. મેઘરજ તાલુકાના અસંખ્ય મુસાફરોની ભાવનગર સહિતના વિસ્તારોમાં રોજીંદી અવર જવર રહેવાની સાથે ભાવનગરના રાજપરાના પ્રસિદ્ધ ખોડીયાર મંદિરે પણ અસંખ્ય શ્રદ્ધાળુઓ પુનમ સહિતના દિવસોમાં દર્શનાર્થે જતા હોય છે જેથી એસ.ટી. બસ મેઘરજ થી દોડાવાય તો મહુવા, કોડીનારના અન્ય મુસાફરોને પણ ઘરઆંગણેથી એસ.ટી. સેવાનો ફાયદો થઈ શકે છે. સવારે ઉપડતી એસ.ટી. બસ હાલ મોડાસા, અમદાવાદ, બગોદરા, ધોલેરા અને ભાવનગરને આવરી શરૂ કરવામાં આવી છે અને શરૂઆતથી જ એસ.ટી. બસને મુસાફરોનો લાભ મળી રહ્યો છે જેથી એસ.ટી.ના સત્તાવાળાઓ જો આ એસ.ટી. બસને મેઘરજથી ભાવનગર સુધી લંબાવે તો હજુ વધુ આવકમાં ફાયદો થઈ શકે છે.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી દ્વારા વેબિનારનું આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૨

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી દ્વારા ગત તા. ૩૦મી ના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમિયાન 'ઈનોવેટિવ એપ્રોચ ઈન રાઈટીંગ ગુડ સાયન્ટિફિક પેપર્સ' વિષય ઉપર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.





ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી ૧૩૫ જેટલાં ફાર્મસીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, રિસર્ચ-સ્કોલર અને અન્ય અભ્યાસુઓ જોડાયા હતા. જેને ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીના પ્રોફેસર અમિરેટ્સ ડૉ. ભા ભાસ્વત ચક્રબોર્તી સાહેબે નિષ્ણાંત તરીકે ઉપરોક્ત વિષય ઉપર બહુ વિષદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વેબિનારના સમાપન પહેલા યોજાયેલી પ્રશ્નોત્તરીમાં પણ ડૉ. ચક્રબોર્તીજીએ દરેક અભ્યાસુના પ્રશ્નોના વિગતરવાર અને સંતોષકારક જવાબો આપ્યા હતા.

ફેકલ્ટીના ડીન અને ફાર્મસી-કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. શ્રી એસ.એમ. પંચોલીએ આભારવિધિ કર્યો હતો તો પ્રો. સતીષ પટેલ અને ડૉ. પરેશ યુ. પટેલે વેબિનારનું સફળ સંચાલન કર્યું હતું.

# ભોંયણ ગ્રામજનોની હાઈવે ઉપર ક્રોસિંગ આપવાની માંગ સ્વીકારાઈ

## ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા દ્વારા હાઇવે ઓથોરિટીને રજુઆત

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના વ્યાપારી મથક ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિકાસના કામોમાં ભાગીદાર અને લોકચાહના મેળવનાર ધારાસભ્ય લશશીકાંતભાઈ પંડ્યા દ્વારા ગુરુવારે તમામ હાઈવે ઓથોરીટીના અધીકારી, ડીસા ડી. વાય. એસ. પી. સહિત પોલીસ સ્ટાફ તેમજ ડીસા શહેર અને તાલુકાના ભાજપના હોદેદારોને સાથે રાખી ઓવરબ્રિજનું કામ ઝડપથી પુર્ણ થાય તે ઉપરાંત ભોયણ ગામ લોકોની વર્ષોની માગણી હતી કે ભોંયણથી કાંટ જવા માટે હાઈવે ઉપર ક્રોસિંગ ના હોઈ ગામલોકોને ભારે મુશ્કેલી પડતી હતી. જેથી તેમની રજુઆતના પગલે ભોંયણ ગામના પાટીયા પાસે રોડ ક્રોસિંગ આપવાની સુચના પણ ધારાસભ્ય દ્વારા હાઈવે ઓથીરીટીને આપવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા ભાજપ કિસાન મોરચા મંત્રી તરીકે નિયુક્તિ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા તમામ મોરચાના પ્રમુખ-મહામંત્રી સહિત હોદ્દેદારોની નિયુક્તિ થઈ રહી છે. અરવલ્લી જિલ્લા ભાજપ કિસાન મોરચાના મંત્રી તરીકે ધનસુરાના નવીનભાઈ શંકરભાઈ પટેલની નિયુક્તિ થતાં ભાજપના સર્વ આગેવાનો અને સંગઠન હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

## હાલ પોસ્ટ ઓફીસ ભાડાના મકાનમાં ચાલતી હોય અરજદારોને ભારે મુશ્કેલી

# ભિલોડામાં મુખ્ય પોસ્ટ ઓફીસ નવિન ભવનમાં ખસેડવા માંગણી

ભિલોડા, તા.૨

ભિલોડા તાલુકા મથક ખાતે મુખ્ય પોસ્ટ ઓફીસ નવિન ભવનમાં ખસેડવા સંદર્ભે જાગૃત વેપારીઓ, પ્રજાજનો સહિત ખાતા ધારકોની માંગણી ઉદ્ભવી છે. ગોવિંદનગરમાં રહેણાંક વિસ્તારમાં હાલ તબક્કે મુખ્ય પોસ્ટ ઓફીસ એક મકાનમાં ભાડા પટ્ટા પર ચાલતી હોય ખાતા ધારકોને ભારે મુશ્કેલી સર્જાય છે.એક તરફ ભાડાનું મકાન નાનું અને બીજી તરફ પાર્કિંગની જગ્યાનો અભાવ હોવાથી પ્રજાજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

ભિલોડામાં મુખ્ય પોસ્ટ ઓફીસ નવિન મકાનમાં ખસેડવા સંદર્ભે જાગૃત ગ્રામજનો,વેપારીઓ અનો ખાતેદારોની પ્રબળ માંગ ઉદ્ભવી છે.હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં ગ્રામ પંચાયત પાસે પોસ્ટ ઓફીસનું નવિન અદ્યતન મકાનનું કામકાજ હવે પુર્ણતાના આરે છે. નવિન મકાનમાં મુખ્ય પોસ્ટ ઓફીસ હોવી જોઈએ પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આંબલી બજાર વિસ્તારમાં ચાલતી નાની પોસ્ટ ઓફીસ નવિન મકાનમાં ખસેડવાની હીલચાલ જીલ્લા કક્ષાની વડી કચેરી દ્વારા થઈ રહી હોવાનું માલુમ પડતા વેપારીઓ અને ખાતેદારો વિરોધ કરી રહ્યા છે.

ભિલોડા વેપારી એસોસીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, મંત્રી વિષ્ણુંભાઈ સોની, પરેશભાઈ ત્રિવેદી, રાજેશભાઈ પંડ્યા સહિત વેપારીઓએ જણાવ્યું હતું કે પોસ્ટ વિભાગનું પોતાનું નવિન મકાન તૈયાર હોવા છતાં ભાડાના મકાનમાં તોતીંગ ભાડા ભરવાનો કેમ રસ છે ? હાલના તબક્કે ભાડાના મકાનમાં કાર્યરત પોસ્ટ ઓફીસ એસ.ટી.બસ સ્ટેશનથી ૧.૫ કિ.મી. દુર હોય ત્યારે ખાતા ધારકોને અવર - જવર કરવામાં ભારે મુશ્કેલી સર્જાય છે.નવિન તૈયાર થયેલ મકાનમાં મુખ્ય પોસ્ટ ઓફીસ જ હોવી જોઈએ તેમ ગ્રામજનો, વેપારીઓ અને ખાતા ધારકોની પ્રબળ માંગ છે.પોસ્ટ વિભાગ નિર્ણય લેવામાં ફેરબદલ કરશે તો વેપારીઓ,ખાતેદારો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## જન્મદિને વધામણી



આતેફા રૂહીનમીયાં મલેક
બાયડ, જિ.અરવલ્લી



જીતેન્દ્રભાઈ એમ. પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



હનીબેન સંજુભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ(વડોદરા)



મોહમદ રફીક બાંડી
મોડાસા, જિ.અરવલ્લી



ચિરાગભાઈ મનુભાઈ શાહ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ (ડુંગરપુર)



કલ્પેશ જોષી, પત્રકાર
હિંમતનગર,
જિ.સાબરકાંઠા



ડૉ.પંકજ પટેલ
વડાગામ, તા.ધનસુરા



વિપુલભાઈ પ્રજાપતિ
(લક્ષ્મી મોબાઈલ-બાયડ)
બાયડગામ, જિ.અરવલ્લી



જય ગોસ્વામી
આકરૂન્દ, તા.ધનસુરા